પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

Date : 05-11-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

હરિત ઉર્જા મિશનનો નિર્ણય

કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં હરિત ઉર્જા મિશન અંગે મહત્વનો નિર્ણય લેવાયો. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, સ્વચ્છ ઉર્જા મિશન હેઠળ 92 ગીગાવૉટ ઉર્જા સંગ્રહ યોજનાને મંજૂરી અપાઈ. તેનાથી સૌર ઉર્જાના સંગ્રહને મદદ મળશે.

રાજ્યમંત્રી મંડળ બેઠક

રાજ્ય મંત્રી મંડળની ગઈકાલે યોજાયેલી બેઠકમાં વિવિધ પ્રજાલક્ષી નિર્ણયો લેવાયા હતા. આ નિર્ણયની માહિતી આપતા સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું કે નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળ ગુજરાતના એક લાખ પશુઓને વીમા કવચ પૂરું પાડવાનો પ્રોજેક્ટ મંજૂર કરાયો છે. આ યોજના હેઠળ પશુપાલક માત્ર 229 ભરીને 40,000 સુધીનું એક વર્ષનું વીમા કવચ મેળવી શકશે. આ ઉપરાંત અન્ય નિર્ણયોમાં રાજ્યભરમાં 'જનજાતિય ગૌરવ દિવસ' અને 'જનજાતિય ગૌરવ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી 15 નવેમ્બરે યોજાશે જેમાં રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ છોટાઉદેપુર જિલ્લામાં યોજાશે.

અગ્નિવીરો કાયમી સૈનિક

દેશની ત્રણેય સેનામાં તૈનાત લગભગ 3.18 લાખ અગ્નિવીરો માટે દિવાળી પહેલાં ભેટ સમાન સમાચાર મળ્યા છે. અગ્નિવીરો હવેથી ચારનાં સ્થાને છ વર્ષ નોકરી કરી શકશે. ત્યાર પછી પણ સેનામાં રહેવા ઈચ્છતા હોય, તો પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે અને પાસ થશે તો પરમેનન્ટ કમિશન મળશે. આમ, હવેથી અગ્નિવીરો કાયમી સૈનિક બની શકશે, તેવું સીડીએસ જનરલ દ્વારા જણાવાયું હતું.

દિવાળીના પર્વમાં 108 સેવા સજ્જ

દિવાળીના પર્વ દરમ્યાન રાજ્યમાં 108 ઇમરજન્સી સર્વિસ છેલ્લા 20 વર્ષથી ખડેપગે કાર્યરત છે. એક અંદાજ મુજબ સામાન્ય દિવસોમાં 5,248 ઇમરજન્સીઝ કેસ નોધાતા હોય છે જે લગભગ 16% થી વધીને દિવાળીના દિવસે 6,111 થવાની સંભાવના રહે છે. બેસતા વર્ષના દિવસે એમાં 29%નો વધારો થઈને આ ઇમરજન્સી 6,716 થવાની શક્યતા છે અને ભાઈબીજના દિવસે પણ આ ઇમરજન્સીમાં 20% વધીને 6,453 રહેશે તેવુ અનુમાન છે. દિવાળીના દિવસે, ફટાકડા ફોડવાથી નાની -મોટી ઇન્જરીઝ અને દાજી જવાના કેસ અને શ્વાસને લગતા દર્દીના કેસ જોવા મળે છે. 108 ઈમર્જન્સી સેવાના સીઇઓ જસવંત પ્રજાપતિએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે કોઇપણ ઇમરજન્સી સ્થિતીને પહોંચી વળવા 108 સેવા સજ્જ છે.

રમા એકાદશી અને વાઘબારસનું પર્વ

આજે રમા એકાદશી અને વાઘબારસનાં પર્વ સાથે દીપોત્સવી પર્વોની ઉજવણીનો પ્રારંભ થાય છે. આજની અગિયારસ એ વિક્રમ સંવતના વર્ષની અંતિમ અગિયારસ

હોઈ તેનું વિશેષ મહત્વ છે. આજે ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવે છે. આજે વાઘબારસનું પર્વ છે, આ પર્વ સરસ્વતી આરાધના સાથે સંકળાયેલ છે. ગુજરાતમાં આ પર્વ ગોવત્સ દ્વાદશી તરીકે ઉજવાય છે, આજે ગાય અને વાછરડાનું પૂજન કરવામાં આવે છે.

દિવાળી વેકેશનનો આરંભ

આજથી કચ્છ સહીત રાજ્યમાં શાળા કોલેજોમાં દિવાળી વેકેશનનો આરંભ થયો છે. 21 દિવસનું વેકેશન 26મીએ પૂરું થશે એ પછી બીજા સત્રનો આરંભ થશે.

વણકરોને GI ટેગના વપરાશકર્તા

ભારત સરકારના કાપડ મંત્રાલય હેઠળ કાર્યરત નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NHDC) દ્વારા કચ્છ વીવર્સ એસોસિએશનના સહયોગથી ભુજ હાટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કચ્છના 179 વણકરોને GI અધિકૃત વપરાશકર્તા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રમાણપત્રો દ્વારા વણકરોને GI ટેગ ધરાવતા શાલના અધિકૃત વપરાશકર્તા તરીકે માન્યતા અપાઈ છે.

ગુજરાત બોર્ડ દ્વારા આવેદનપત્રો

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-2027માં યોજાનારી ધોરણ 10 અને ધોરણ 12ની જાહેર પરીક્ષાનાં આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ 4 નવેમ્બરે બપોરે 12 વાગ્યાથી 3 ડિસેમ્બરે રાત્રે 12 વાગ્યા સુધી રેગ્યુલર ફી સાથે ઓનલાઇન ફોર્મ ભરી શકશે. તમામ વિદ્યાર્થીઓએ બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.gseb.org પરથી નિયત સમયમર્યાદામાં ફોર્મ ભરવાનાં રહેશે. આવેદનપત્ર ભરવા અંગેની જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શિકા બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવશે તેવું બોર્ડના સચિવ આર.આર. વ્યાસ દ્વારા જણાવાયું છે.

અબડાસાના પિંગલેશ્વર ખાતે મોકડ્રીલ

કચ્છ જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંયુક્ત ઉપક્રમે અબડાસા તાલુકાના પિંગલેશ્વર દરિયાકાંઠે સુનામી અંગેની એક વિશાળ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. UNESCO ના ‘Tsunami Ready Recognition Programme’ (TRRP) અંતર્ગત પિંગલેશ્વર દરિયાકાંઠાના વિસ્તારનો સુનામી સંભવિત ક્ષેત્રમાં સમાવેશ થતો હોવાથી, આકસ્મિક આપત્તિ સમયે તંત્રની સજ્જતા ચકાસવા અને ગ્રામજનોમાં જાગૃતિ લાવવાના હેતુથી આ કવાયત હાથ ધરાઈ હતી.
